નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની યોજનાઓમાં ફેમિલી આઈ.ડી પ્રોજેક્ટના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/AJP/e-file/17/2024/1345/H Section

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૬/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગ(આયોજન પ્રભાગ)ના તા.૦૮/૦૫/૨૦૨૪ ના પત્ર ક્રમાંક:GAD/MSM/e-file/1/2023/0441/UID Cell થી મોકલવામાં આવેલ કાર્યવાહી નોંધ.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૪/૦૬/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:અજાક/આઈટી/૨૦૨૪-૨૫/૧૨૩-૧૨૫.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૦૫/૨૦૨૪ ના પત્ર સાથેની તા.૧૫/૦૪/૨૦૨૪ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધથી "કુટુંબ ઓળખપત્ર" ફેમિલી આઈ.ડી પ્રોજેકટના પ્રાથમિક તબક્કામાં સમાવેશ કરી શકાય તેવી યોજનાઓમાં પોર્ટલ પર લાભાર્થીના (૧) આધાર નંબર (૨) રેશન કાર્ડ (૩) રેશન કાર્ડ-મેમ્બર આઈ.ડી. (૪) ફેમિલી આઈ.ડી.-ડમી ફીલ્ડ એમ કુલ-૪ ફીલ્ડ ઉમેરવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૪/૦૬/૨૦૨૪ ના પત્રથી તેઓના ખાતા હસ્તકની ડીજીટલ ગુજરાત પોર્ટલ પર અમલીત 'અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર' યોજનામાં ફેમિલી આઈ.ડી પ્રોજેક્ટ હેઠળ કુલ-૪ ફીલ્ડ ઉમેરવા તેમજ ફોર્મ ભરતી વખતે રેશનકાર્ડને પોર્ટલ પર ફરજિયાત અપલોડ કરવા/ઉમેરવા તથા હાલ આધારકાર્ડની વિગત ઓપ્શનલ હતી જે ફરજિયાત લેવાની મંજૂરી આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની 'અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર' યોજનામાં "કુટુંબ ઓળખપત્ર" ફેમિલી આઈ.ડી. પ્રોજેક્ટ હેઠળ લાભાર્થીઓની વિગતો અપડેટ કરવા તેમજ નવા લાભાર્થીઓની નોંધણી સમયે (૧)આધાર નંબર (૨)રેશન કાર્ડ (૩)રેશન કાર્ડ-મેમ્બર આઈ.ડી. (૪)ફેમિલી આઈ.ડી.-ડમી ફીલ્ડ જેવા ડોક્યુમેન્ટના કુલ-૪ ફીલ્ડ ઉમેરવા તેમજ ફોર્મ ભરતી વખતે રેશનકાર્ડ તથા આધારકાર્ડ પણ ફરજિયાત પોર્ટલ પર અપલોડ કરવા/ઉમેરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા. /૦૬/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Jun-2024 (04:17 PM)

(ધર્મિષ્ઠા વસાવા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ટેકનીકલ ડાયરેકટરશ્રી, NIC, બ્લોક નં: ૧૩, સચિવાલય, ગાંધીનગર.
- ચીફ પ્રોજેકટ ઓફીસરશ્રી, GIPL, બ્લોક નં: ૧૫/૨, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.